# વેલકમ વેક્સિન... ગાંધીનગરમાં વેક્સિનનો પ્રથમ જથ્થો પહોંચ્યો







ગાંધીનગર, તા.૧૨

આખરે દેશ અને દુનિયાનો દરેક નાગરીકે જેની આતુરતાથી રાહ જોઈ રહ્યો હતો તે કોરોના વેક્સિનનો જથ્થો આવી ગયો છે. આજે અમદાવાદ એરપોર્ટથી ગાંધીનગર ઉતર ગુજરાત રિજિયોનલ સેન્ટર ખાતે કોવીશિલ્ડનો ૧ લાખ ૮ હજાર વેક્સિનનો જથ્થો આવી પહોંચ્યો છે. આ વેક્સિનના જથ્થાને ગ્રીનકોરીડોર દ્વારા સુરક્ષા સાથે ગાંધીનગર લાવવામાં આવ્યો છે. એક બોકસમાં ૧૨૦૦૦ના જથ્થા સાથે વેક્સિનના કુલ ૯ બોક્ષ ગાંધીનગર લવાયા છે. જયારે અન્ય ૪ બોક્ષ ભાવનગર ઝોન ખાતે પહોંચાડવાના છે. ગાંધીનગર સિવિલ કેમ્પસ ખાતે વેક્સિન સ્ટોરેજ કરવામાં આવી છે. ત્યારે આગામી ૧૬ જાન્યુઆરીથી વેક્સિન આપવાનો પ્રારંભ થશે. ત્યારે વેકિસનને આવકારવા માટે ગાંધીનગર સિવિલ કેમ્પસ ખાતે ગાંધીનગર જિલ્લા કલેકટર કુલદીપ આર્ય, રીજીયોનલ ડેપ્યુટી ડાયરેકટર બીનાબેન વડાલીયા, ગાંધીનગર જિલ્લા આરોગ્ય અધિકારી, મનપાના હેલ્થ અધિકારી, સહિત ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના વેક્સિનના સ્ટોરેજ ખાતે સવારથી જ પુરજોશમાં તૈયારીઓ ચાલી રહી હતી. આરડીડી ઓફિસની નીચે જ વેકિસનનો સ્ટોરેજ રાખવામાં આવ્યો છે. ગાંધીનગર ઉતર ઝોન ખાતે ૧૨ હજાર કેપીસીટી વાળુ ફ્રીઝ છે જેમાં વેકિસનના ૮ લાખ ડોઝ રહી શકે છે. ત્યારે પૂણેથી હવાઈ માર્ગે અમદાવાદ એરપોર્ટ પર કોરોનાની કોવીશિલ્ડ વેક્સિનનો ૨.૭૬ લાખ ડોઝનો જથ્થો આવી પહોચ્યો હતો.

જેમાં ૧૦ બોક્ષ એટલે કે ૧.૨૦ લાખ વેકિસનનો ડોઝ અમદાવાદ ખાતે રાખવામાં આવ્યો હતો. જયારે ૨૩ બોક્ષમાંથી ૯ ઉતર ગુજરાત રિજીયોનલ વેક્સિન સ્ટોરેજમાં રાખવામાં આવ્યા છે. જયારે ભાવનગર ઝોનની ૪ બોક્ષ વેકિસન ગાંધીનગર થી પહોંચાડવામાં આવશે. રાજયમાં ૬ રિજિયોનલ સ્ટોરેજ તૈયાર કરાયા છે. જયારે ૨૮૭ બુથ પરથી વેકિસન આપવાની કામગીરીનો પ્રારંભ થશે. જયારે ગાંધીનગર ઝોનમાં મહેસાણા,પાટણ, અરવલ્લી, સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લો અને મનપા વિસ્તારનો સમાવેશ થાય છે. જયારે સવારે વેક્સિન લઈને ગાડી આવી ત્યારે ઉચ્ચકક્ષાના અધિકારીઓ હાજર રહીને પુજાવિધી કરીને વેકિસનના વધામણા કર્યા હતા. જયારે વેક્સિન આવતા સૌ કોઈએ કોરોનાથી હાશકારો મેળવ્યો હોય તેમ લાગી રહ્યું હતું.

## જિલ્લાને કોવિશીલ્ડ રસીના ૧૯ હજાર ડોઝ ફાળવવામાં આવ્યા

### ૧૬મીથી શરૂ થઈ રહેલા રસીકરણના અભિયાન અંગેની કામગીરીમાં તંત્ર ગળાડૂબ

ગાંધીનગર, તા. ૧૨

કોરોના વેક્સીનેશન માટે જિલ્લાને ૧૯ હજાર રસીના ડોઝ ફાળવવામાં આવ્યા છે. જેમાં ગ્રામ્ય વિસ્તાર માટે ૧૪,૫૦૦ તો ગાંધીનગર શહેર માટે ૪૫૦૦ ડોઝ ફાળવવામાં આવ્યા છે.

આગામી ૧૬મીથી કોરોના વેક્સીનેશનનો દેશવ્યાપી પ્રારંભ થઈ રહ્યો છે. આજે હવાઈ માર્ગે વેક્સીનનો જથ્થો આવી પહોચ્યો હતો જેનુ રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને આરોગ્ય વિભાગનો હવાલો ધરાવતા નીતિનભાઈ પટેલ તેમજ રાજ્ય ગૃહ મંત્રી પ્રદીપસિંહ જાડેજાએ આ જથ્થાનો સ્વીકાર કરતાં પ્રધાનમંત્રી મોદીનો આભાર માન્યો હતો.

અમદાવાદ હવાઈ માર્ગે આવેલો જથ્થો અમદાવાદ સિવિલ તેમજ ગાંધીનગર સ્થિત આર.ડી.ડી.ની કચેરી ખાતે રવાના કરાયો હતો. મોડી સાંજે ગાંધીનગર જિલ્લાને ૧૯ હજાર રસીનો જથ્થો સત્તાવાર રીતે ફાળવી દેવામાં આવ્યો છે. હવે કાલે બપોરે અથવા સાંજ સુધીમાં આ જથ્થો મનપા અને જિલ્લા આરોગ્યતંત્રને મળી જશે.

મળતી વિગતો મુજબ ગાંધીનગર મનપા માટે ફાળવવામાં આવેલ ૪૫૦૦ રસીનો જથ્થો સે. ૨ ના અર્બન હેલ્થ સેન્ટર ખાતે લાવવામાં આવશે તેમજ કેટલોક જથ્થો સિવિલ હોસ્પિટલ ખાતે રાખવામાં આવશે. ગાંધીનગર શહેરમાં વેક્સીનેસન માટે ૩ સેન્ટરો નિયત કરવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર માટે ૧૪,૫૦૦ રસીનો જથ્થો ફાળવવામાં આવ્યો છે. આ જથ્થો જિલ્લા પંચાયત ખાતે ઉભા કરાયેલ વેક્સીન સ્ટોર ખાતે લાવવામાં આવશે. આ પછી જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર માટે વેક્સીનેશનના જે નવ સેન્ટર નિયત કરવામાં આવ્યા છે તેમને ઈન્સ્ટીયુલેટેડ વાન દ્વારા રવાના કરવામાં આવશે.

આજે જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા વેક્સીનેશન માટે અન્ય વિભાગોના જે કર્મયોગીઓને ફરજ માટે સાંકળવામાં આવ્યા છે તેમને વર્ચ્યુઅલ ટ્રેનીંગ પણ આપી દેવામાં આવી છે.

કોરોના વેક્સીન માટે ૩ રૂપ રહેશે અને વેક્સીનેટર સહિત પાંચ કર્મયોગીઓ આ વેક્સીન સેન્ટર પર ફરજ બજાવશે.

જિલ્લામાં ફ્રન્ટ લાઈન વોરિયર્સ ૧૨,૫૦૦ જેટલા નોંધાયા છે જ્યારે શહેરમાં ૪૨૦૦ જેટલા વોરિયર્સ નોંધાયા છે. ૧૬મીથી આરોગ્યના જે ફ્રન્ટ લાઈન વોરિયર્સ છે તેમને પ્રથમ તબક્કામાં રસી આપવામાં આવનાર છે. તંત્ર દ્વારા હાલ આ રસીકરણને લઈ વ્યાપક તૈયારીઓ ચાલી રહી છે.

## વેક્સિન સ્ટોરેજ ઈવીન સિસ્ટમથી સજજ



વેકિસનનો જથ્થો જે ફ્રિઝમાં મુકવામાં આવ્યો છે તે ફ્રિઝમાં ડેટા લોગર અને ઈવીન એટલે કે ઈલેકટ્રોનીક વેકિસન ઈન્ટેલીજન્સ નેટવર્ક થાય છે. આ સિસ્ટમમાં તાપમાનની માત્રા સેટ કરવામાં આવી હોય છે, જે જળવાઈ રહે છે. પરંતુ કોઈ કારણોસર તેમાં વધઘટ કે થાય કે થવાની હોય તો સ્થાનિક કક્ષા થી ઉચ્ચ કક્ષાના અધિકારી સુધી ટોટલ-૬ વ્યકિતને મેસેજ મળે છે. જેથી જે તે સંબંધિત અધિકારી ને જાણ કરવામાં આવે છે. ગાંધીનગરમાં ૮ લાખ ડોઝ સંગ્રહ થઈ શકે તેવી ક્ષમતા વાળુ સ્ટોરેજ છે.

# ગ્રામ્ય વિસ્તારમાં ૯ કેસ તો શહેરમાં ૭ કેસ નોંધાયા

### રાયસણમાંથી ૪ વર્ષના બાળક સહિત તાલુકામાં ૮ કેસ : કલોલમાં ૧ કેસ : સે. ૩૦ માંથી ૨ કેસ ઉપરાંત સે. ૨, ૨૧, ૨૩, ૨૫ અને ૨૬ માંથી કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર થતાં તંત્ર વિમાસણમાં મુકાયુ છે. જો કે ઘટાડાનો ટ્રેન્ડ છે તેવા તંત્રના દાવા વચ્ચે આજે વધુ ૧૬ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના જે રીતે વિસ્તરી રહ્યો છે તેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા ૯ કેસમાંથી ૮ કેસ ગાંધીનગર તાલુકામાં નોંધાયા છે જયારે કલોલમાંથી આજે એક કેસ નોંધાયો છે.

ગાંધીનગર જિલ્લામાં આજે વધુ ૨૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. છેલ્લા સપ્તાહથી જિલ્લામાં નોંધાતા દર્દીઓની સંખ્યા કરતાં ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા વધુ છે.

ગાંધીનગર તાલુકામાં આજે નોંધાયેલા ૮ કેસમાં રાયસણ ગામમાંથી ૪ વર્ષના દિકરાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સતત બીજા દિવસે વધુ એક બાળક સંક્રમિત થતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે.

તાલુકાના કુડાસણ ગામેથી ૨ અને રાયસણ ગામેથી ૩ કેસ નોંધાયા છે. આ ઉપરાંત રાંધેજા, સરગાસણ અને ગલુદણ ગામેથી કેસો મળી આવેલ છે.

કલોલ તાલુકાના ખોરજ ડાભી ગામેથી એક શ્રમિકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ શ્રમિકને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪ દર્દીને સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં આ સાથે ૩૮૪૯ દર્દી કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૬૧ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે ૫૫૬૫

● અનુસંધાન પાન-૬ પર

## ગાંધીનગરના ચાર ગામોમાં ૫ હેકટરમાં ગ્રામવનનુ નિર્માણ કરાશે

### રૂપાલ, સરઢવ, વાસણ અને ઉવારસદમાં ગ્રામવન બનાવાશે

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામવન બનાવવા માટે વનતંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જિલ્લાના રૂપાલ, સરઢવ , વાસણ અને ઉવારસદ ગામમાં ગ્રામવન બનાવવા માટે અંદાજિત ૫ હેકટર જમીનમાં વાવેતર કરાશે. આ જગ્યામાં લીંબડા, સિરમ શિશુ, દેશી બાવળ અને ફળાઉ રોપાઓની વાવણી કરાશે. જયારે આ વાવેતર પુર્વે આ વિસ્તારમાં ફેન્સીંગનુ કામ પણ હાથ ધરાશે.

વનતાંત્ર દ્વારા વરસાદી દિવસો દરમિયાન શહેરી વિસ્તારમાં પણ નવા રોપાઓની વાવણી કરવામાં આવતી હોય છે. જયારે વરસાદી દિવસો પુર્વે શહેરમાં ખાલી જગ્યાનો સર્વે હાથ ધરીને નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. હાલ શહેરના નવા અને જુના સચિવાલય વચ્ચેના માર્ગને અનુલક્ષી ફેન્સીંગનુ કામ પણ હાથ ધરવામાં આવનાર છે. જયારે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ નવા રોપાઓની વાવણી કરવા માટે આયોજન કરાશે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામવનનુ નિર્માણ કરાશે. જેમાં રૂપાલ, સરઢવ, ઉવારસદ, વાસણ

● અનુસંધાન પાન-૬ પર



મહાનગર ગાંધીનગર ભાજપ દ્વારા મંગળવારે સ્વામી વિવેકાનંદ જયંતિ નિમિત્તે સે-૧૨ સ્થિત ઉમિયા માતાના મંદિરેથી બાઈક રેલીનુ આયોજન કર્યુ હતુ જેમાં મોટી સંખ્યામાં ભાજપના હોદેદારો તેમજ કાર્યકર્તાઓ જોડાયા હતા. આ બાઈકરેલી સે-૭ ભારત માતાના મંદિરે પહોંચી હતી. સ્વામી વિવેકાનંદની પ્રતિમાને ફુલહાર પહેરાવી મંદિર માટે યથાયોગ્ય યોગદાન પણ આપ્યુ હતુ. મહાનગર ભાજપના પ્રમુખ રૂચિર ભટ્ટની આગેવાનીમાં હોદેદારો તેમજ કાર્યકર્તાઓ ઉત્સાહભેર જોડાયા હતા.

## જિલ્લાના ૪૭ ગામો આજે પણ નર્મદાનું કેનાલમાંથી શુધ્ધ પાણી લેતા નથી

### આ ગામોની પેયજળની ગુણવત્તા સામે પણ પ્રશ્નાર્થ હોવાની ચોંકાવનારી વાત પાણી-પુરવઠા બોર્ડે કરી તંત્રને જણાવ્યુ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના ૪૭ જેટલા ગામો આજે પણ નર્મદા કેનાલ મારફતે પાણી નથી મેળવતા. આ ગામો સ્થાનિક સ્ત્રોતમાંથી પાણી મેળવી રહ્યા છે જેમાં ફલોરાઈડ, નાઈટ્રેટ જેવા ક્ષારો વધુ માત્રામાં મળી આવ્યા હોવાથી આ ગામો પણ નર્મદાની કેનાલમાંથી શુદ્ધ પાણી મેળવે તે માટે પાણી પુરવઠા ગટર વ્યવસ્થા બોર્ડે જિલ્લા વિકાસ અધિકારીને જાણ કરી.

જિલ્લામાં દસેક વર્ષ અગાઉ ૧૭૦ જેટલા ગામો નર્મદા કેનાલમાંથી પાણી મેળવતા ન હતા પરંતુ તંત્રના પ્રયાસો થકી તેમાં દર વર્ષે સતત ઘટાડો થતો રહ્યો છે. હજુ પણ ૪૭ જેટલા ગામો આ કેનાલ મારફતે પાણી મેળવતા નથી.

જિલ્લાના દરેક ગામને નર્મદાનું પાણી મળી રહે તે માટેનું પાઈપલાઈનનું નેટવર્ક તૈયાર કરી દેવાયુ છે તેમ બોર્ડના વિશ્વસનીય સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

જિલ્લામાં ભૂગર્ભ જળના સ્તર નીચા જઈ રહ્યા છે અને ડાર્કઝોનમાં જિલ્લાનો સમાવેશ થાય છે. ત્યારે ગ્રામીણ વિસ્તારમાં શુદ્ધ પાણીનો પુરવઠો મળી રહે તે હેતુથી આ નેટવર્ક પાણી પુરવઠા દ્વારા તૈયાર કરી દેવાયુ હતુ.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં પેયજળની ગુણવત્તાના પરીક્ષણ માટે દર વર્ષે ચોમાસા પહેલાં અને પછી પાણીના સ્થાનિક સ્ત્રોતના નમૂના મેળવી તેની ચકાસણી પણ કરવામાં આવે છે. જો કે ગ્રામજનો આ પાણી લેવા તૈયાર થતા ન હોવાનુ જણાયુ છે.

જિલ્લાના જે ગામો નર્મદાનું પાણી આજે પણ મેળવતા નથી તેમાં ગાંધીનગર તાલુકાના ૧૨ ગામ, દહેગામના ૭ ગામ કલોલના ૨૩ ગામ અને માણસાના પાંચ ગામનો સમાવેશ થાય છે.

આગામી દિવસોમાં આ ગામોના સરપંચો સાથે ખાસ બેઠક યોજવા અંગેની વિચારણા તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. આ પછી તંત્ર દ્વારા આગળ વધવામાં આવશે. ગ્રામીણ વિસ્તારોમાં નર્મદાનું પાણી મળે અને તે પણ શુદ્ધ કરેલુ મળે તે માટે જન જાગૃતિ અભિયાન પણ હાથ ધરવામાં આવશે.

## એપોલો સર્કલ પર ઓવરબ્રિજ માટે હવે રીટેન્ડરીંગ

### ઓવરબ્રિજના નિર્માણ માટે હાથ ધરાયેલી ટેન્ડર પ્રકીયાના અંતે ૪૩ ટકા ઉંચુ ટેન્ડર આવતા હવે ફરીથી ટેન્ડર પ્રકીયા હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગર નજીક એપોલો સર્કલ પર રોજબરોજ ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. આ વિસ્તારમાં સાંજના સમયે પણ વાહનોની વિશેષ અવરજવર રહે છે. આવા સંજોગોમાં ટ્રાફિક જામના લીધે પ્રદુષણની સમસ્યા પણ ઉદભવી છે જયારે વાહનચાલકોને પણ લાંબા સમય સુધી ટ્રાફિક જામમાં સમય બગાડવાનો વારો આવે છે. આ સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા એપોલો સર્કલ પર ઓવરબ્રિજ તૈયાર કરવા કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે.પરંતુ આ અન્વયે હાથ ધરાયેલી ટેન્ડર પ્રકીયાના અંતે ટેન્ડર ૪૩ ટકા ઉંચુ જતા હવે રીટેન્ડરીંગ કરવા માટે ગતિવિધિઓ હાથ ધરાઈ છે. ઓવરબ્રિજના નિર્માણ પાછળ અંદાજિત રૂ ૧૩૦ કરોડનો ખર્ચ કરાશે.

ગાંધીનગર ચિલોડા સરખેજ હાઈવેને અનુલક્ષી આ રૂટમાં વિવિધ સાત ઓવરબ્રિજ તૈયાર કરવામાં આવી રહ્યા છે. આ પૈકી ૨ ઓવરબ્રિજ તૈયાર પણ થઈ ગયા છે. જયારે આગામી દિવસોમાં નવા બ્રિજનુ લોકાર્પણ પણ કરાશે. ગાંધીનગર શહેર સહીત આસપાસના રૂટમાંથી પસાર થતા માર્ગો પર વાહનોની વધતી સંખ્યા વચ્ચે ટ્રાફિકનુ ભારણ પણ વધ્યુ છે.

● અનુસંધાન પાન-૬ પર

**FORM B - PUBLIC ANNOUNCEMENT**

(Regulation 12 of the Insolvency and Bankruptcy (Liquidation Process) Regulations, 2016)

**FOR THE ATTENTION OF THE STAKEHOLDERS OF STEPS DUMASK WASTE PROCESSING SERVICES PRIVATE LIMITED**

| | | |
|---|---|---|
| 1 | Name of corporate debtor | Steps Dumask Waste Processing Services Private Limited |
| 2 | Date of incorporation of corporate debtor | 11th July, 2014 |
| 3 | Authority under which corporate debtor is incorporated / registered | RoC-Ahmedabad, Gujarat |
| 4 | Corporate Identity Number of corporate debtor | U37200GJ2014PTC080098 |
| 5 | Address of the Registered Office and Principal Office (if any) of corporate debtor | Plot No. 721/1, Sector 7B Gandhinagar - 382007 |
| 6 | Date of Closure of Insolvency Resolution Process | *11th January, 2021 (Order received on 12th January, 2021) |
| 7 | Liquidation Commencement date of corporate debtor | 11th January, 2021 (Order received on 12th January, 2021) |
| 8 | Name and registration number of Insolvency Professional acting as Liquidator | Omkar Maloo Registration No. : IBBI/IPA-001/ IP-P00435/2017-18/10758 |
| 9 | Address and e-mail of the Liquidator, as registered with the Board | 403, Shaival Plaza, Near Gujarat College, Ellisbridge, Ahmedabad - 380 006. Telephone No. : (079) 2642 0336 Email Id : omkar@ormaloo.com |
| 10 | Address and e-mail to be used for correspondence with the Liquidator. | 403, Shaival Plaza, Near Gujarat College, Ellisbridge, Ahmedabad - 380 006. Telephone No. : (079) 2642 0336 Email Id : cirp.steps@gmail.com |
| 11 | Last date for submission of claims | 11th February, 2021 |

Notice is hereby given that the Hon'ble National Company Law Tribunal, Ahmedabad Bench has ordered the commencement of liquidation of the Steps Dumask Waste Processing Services Private Limited on 11th January, 2021 (copy received on 12th January, 2021), under section 33 of the Code.

The stakeholders of Steps Dumask Waste Processing Services Private Limited are hereby called upon to submit a proof of their claims, on or before 11th February, 2021, to the liquidator at the address mentioned against item 10.

The financial creditors shall submit their proof of claims by electronic means only. All other stakeholders may submit the proof of claims in person, by post or by electronic means.

Submission of false or misleading proofs of claim shall attract penalties.

***180 days for Corporate Insolvency Resolution Process got over on 2nd October, 2020. However, on 11th January, 2021, Hon'ble NCLT, Ahmedabad Bench, passed an order for liquidation and hence date of closure of Insolvency Resolution Process is considered as 11th January 2021.**

Place : Ahmedabad
Date : 12-01-2021

**Omkar Maloo**
Liquidator
IBBI/IPA-001/IP-P00435/2017-18/10758

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com